# જાહેરનામું

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ તથા જી.પી.એક્ટ કલમ ૩૭(૧) અન્વયે

નં.વિશા/એ સેકશન/પરમીટ/23/૨૦૧૯
પોલીસ કમિશ્નરની કચેરી, વિશેષ શાખા,
શાહીબાગ, અમદાવાદ શહેર.
તા.૧૦/03/૨૦૧૯

ભારતના ચુંટણીપંચ દ્વારા લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૧૯ નો કાર્યક્રમ જાહેર થયેલ છે અને તે મુજબ ભારતના નિર્વાચન આયોગે બંધારણની કલમ ૩૨૪ હેઠળ મળેલ સતાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ૪૬૪/એલએન્ડઓ/પીએલએન-૧ તા.૧૩.૦૩.૯૬ મુજબ ચુંટણી પ્રક્રિયા દરમ્યાન પરવાનેદાર વ્યકિતએ શસ્ત્રો કે હથિયારો સાથે લઈ જવા ઉપર નિયત્રંણ રાખવાની જરૂર છે.

ચુંટણી મુકત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે ચુંટણી તંત્ર પ્રયત્નશીલ છે. તેમજ ચુંટણી પ્રક્રિયા દરમ્યાન કોઈ વ્યકિતને અડચણ, ત્રાસ કે નુકશાન અથવા લોકોના જાન, સ્વાસ્થ કે સલામતીને થતુ જોખમ અથવા જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે માટે જાહેરમાં શસ્ત્રો કે હથિયારો લઈને ફરવા ઉપર નિયંત્રણ મુકવું જરૂરી છે.

હું એ. કે. સિંઘ, પોલીસ કમિશનર,અમદાવાદ શહેર ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ ની કલમ ૧૪૪ તથા જી.પી.એક્ટ કલમ ૩૭(૧) મુજબથી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે. પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરની હુકમતમાં કોઈપણ વ્યકિત પરવાનો ધરાવતી હશે તો પણ પોતાની સાથે શસ્ત્રો કે હથિયાર સાથે લઈ જઈ કે ફેરવી શકશે નહી.

<u>આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહી.</u>

(૧) સરકારી નોકરી ઉપર પોતાની ફરજના ભાગ રૂપે તેના ઉપરી અધિકારીએ આવું કોઈ પણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું હથીયાર લઈ જવાની ફરજ હોય.

(૨) બેંકોની સુરક્ષામાં તૈનાત હથીયારધારી ગાર્ડ અથવા બેંકોની કેશની હેરફેર માટે તૈનાત ગાર્ડ.

(૩) ખાનગી સિક્યુરિટી ગાર્ડની ફરજ બજાવતા ઈસમો જેમને હથિયાર જમા કરાવામાં માંથી મુક્તિ આપવામાં આવેલ હોય.

(૪) હથિયાર શુટીંગના ખેલાડીઓ જેમને હથીયાર જમાં કરાવવા માંથી મુક્તિ આપવામાં આવેલ હોય.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ ૧૮૮ તથા ગુજરાત પોલીસ એક્ટ કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ ફરમાન હુકમ તારીખ તા.૧૦.૦૩.૨૦૧૯ કલાક ૧૭.૦૦ થી તા.૨૪.૦૩.૨૦૧૯ કલાક ૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમ સમગ્ર અમદાવાદ શહેર વિસ્તારને લાગુ પડશે.

આજ તારીખ-૧૦ માહે માર્ચ સને ૨૦૧૯ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

(એ. કે. સિંઘ)
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

નકલ સવિનય રવાના:-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.

(૨) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી ગુ.રા.ગાંધીનગર.

(૩) અધિક પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર.

(૪) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર.

(૫) કલેકટરશ્રી અમદવાદ/જીલ્લા ચુંટણી અધિકારી અમદાવાદ શહેર.

(૬) નિયામકશ્રી માહીતી ખાતુ ગુ.રા.ગાંધીનગર.

(૭) રજીસ્ટ્રારશ્રી હાઈકોર્ટ મીરજાપુર અમદાવાદ

(૮) રજીસ્ટ્રારશ્રી સિવીલ અને સેશન્સ કોર્ટ અમદાવાદ

(૯) રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ મીરજાપુર અમદાવાદ

(૧૦) ચીફ મેટ્રોપોલીટન મીજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.

(૧૧) જીલ્લા ચુંટણી અધિકારીશ્રી અમદાવાદ કલેકટર કચેરી સુભાષબ્રિજ સર્કલ પાસે, સાબરમતી

(૧૨) મુખ્ય ચુંટણી અધિકારીશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

નકલ રવાના :-

(૧) સંયુકત પોલીસ કમિ.શ્રી સેક્ટર-૧, ક્રાઈમબ્રાન્ચ, અમદાવાદ શહેર.

(૨) અધિક પોલીસ કમિ.શ્રી સેક્ટર-૨ અમદાવાદ શહેર.

(૩) અધિક પોલીસ કમિ.શ્રી ટ્રાફીકશાખા અમદાવાદ શહેર.

(૪) તમામ નાયબ પોલીસ કમિ.શ્રી અમદાવાદ શહેર.

(૫) મેનેજરશ્રી ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટવડોદરા તરફ ગેજેટ ભાગ-૧ માં પ્રસિધ્ધિ કરવા સારૂ.

(૬) તમામ મદદશી પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર.

(૭) સીનીયર સરકારી વકીલશ્રી અમદાવાદ શહેર.

(૮) જનસંપર્ક અધિકારીશ્રી (સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરાવવા સારૂ.)

(૯) તમામ પો.ઈન્સ.શ્રીઓ અમદાવાદ શહેર (જાહેર જ્ગ્યાઓએ નકલો ચોટાટી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ. )

(૧૦) પોલીસ ઈન્સ.શ્રી અમદાવાદ રેલ્વે પો.સ્ટે.

(૧૧) પોલીસ સબ ઈન્સ.શ્રી સાબરમતી રેલ્વે.પો.સ્ટે.

## :- જાહેરનામું -:

## ફોજદારી કાર્યરીતી અધિનીયમ સને-૧૯૭૩(૧૯૭૪ ના નં-૨)ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ એકટની કલમ ૩૭(૩) અન્વયે હુકમ

## ક્રમાંક: વિશેષ શાખા/એ સેકશન/પબજી-મોમો ગેમ/ ૨૪/૨૦૧૯

વિવિધ માધ્યમથી અમારા ધ્યાન ઉપર આવેલ છે કે, PUBG Game/MOMO challenge ના કારણે બાળકો અને યુવાનોમાં હિંસક વૃત્તિનું પ્રમાણ વધતુ જોવા મળે છે. આ ગેમના કારણે બાળકો અને યુવાનોના અભ્યાસ પર અસર થાય છે. તેમજ આ ગેમની અસર બાળકો અને યુવાનોના વ્યવહાર,વર્તન,વાણી અને વિકાસ પર પડે છે.

વાસ્તે હું એ.કે સિંઘ,પોલીસ કમીશનર,અમદાવાદ શહેર ઉપરોકત દર્શાવેલ કલમોમાં મળેલી સતા હેઠળ અમદાવાદ શહેર વિસ્તારમાં જાહેર સલામતિ અને સુરક્ષાને લક્ષમાં રાખી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે હેતુસર PUBG Game/MOMO challenge રમવા પર પ્રતિબંધ ફરમાવું છુ. સાથો સાથ જે પણ વ્યક્તિને અમદાવાદ શહેર વિસ્તારમાં કોઈ પણ અન્ય વ્યક્તી એવી PUBG Game રમવાની ગતિવિધિમાં ભાગ લે છે,તે ધ્યાને આવે તો નજદીકના પોલીસ સ્ટેશનમાં ઓછોમાં ઓછા સમયમાં મોખીક કે લેખીત જાણ કરવાની ફરજ કરવામાં આવે છે.

**અપવાદ :-** ગુનાના તપાસની કામગીરી અને શૈક્ષણિક સંશોધનના કામે કરવામાં આવતી કાર્યવાહી પર આ જાહેરનામું લાગુ પડતું નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારા વિરૃધ્ધ ભારતનાં ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી અને અમદાવાદ શહેરના વિસ્તારોમાં લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરી પ્રસિધ્ધ કરવું અને સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરાવવી.

**આ હુકમ તા.૧૪/03/૨૦૧૯ ના કલાક 00.00 થી તા.૨૮/03/૨૦૧૯ ના કલાક ૨૪.00 સુધી અમલમાં રહેશે.**

આજ તા.૧૩/03/૨૦૧૯ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

(એ. કે. સિંઘ)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :-**

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી. ગુ.રા.ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઇન્ટે), ગુ.રા.ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.
(૯) નિયામકશ્રી માહિતી ખાતુ, ગુ.રા.ગાંધીનગર.
(૧૦) સંયુક્ત માહિતી નિયામકશ્રી બેરેક નં.૩. આંબાવાડી પોલીટેકનીક, અ'વાદ.

(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા.અમદાવાદ શહેર.

(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.

(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરજાપુર, અમદાવાદ શહેર.

(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.

(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.

(૧૬) ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રી, સેકટર-૧,૨/ક્રાઇમ બ્રાન્ચ/ટ્રાફીક શાખા/મુખ્ય મથક/અમદાવાદ શહેર.

(૧૭) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.

(૧૮) નાયબ પોલીસ કમિશનરશ્રી(ઇન્ટે.), અમદાવાદ શહેર.

(૧૯) મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ (ગેજેટ ભાગ-૧માં પ્રસિધ્ધ કરવા સારૂં તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી)

(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારૂં.)

(૨૨) તમામ પો.ઇન્સ.શ્રીઓ અમદાવાદ શહેર.(જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)

(૨૩) મ.પો.કમિ.શ્રી એસ.ઓ.જી., અમદાવાદ શહેર.

(૨૪) પો.ઇન્સ.શ્રી રેલ્વે એસ.ઓ.જી. કાલુપુર રેલ્વે. સ્ટેશન, અ'વાદ શહેર.

(૨૫) પો.ઇન્સ શ્રી અમદાવાદ રેલ્વે પો.સ્ટે.

(૨૬) પો.સબ.ઇન્સ શ્રી સાબરમતી રેલ્વે પો.સ્ટે.